Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-12, Issue-1, June-2018

# માધ્યમિક કક્ષાના વિદ્યાર્થીઓનું સંસ્કૃત વિષય પરત્વેનું મનોવલણ

ડો. રશ્મિ સી. ત્રિવેદી (એમ. એ., એમ. એડ્., જી. સેટ (મનોવિજ્ઞાન, શિક્ષણ), આસિસ્ટન્ટ પ્રોફેસર,
એમ. એન. કોલેજ, વિસનગર.

પ્રસ્તુત અભ્યાસ ધ્રાંગધ્રા તાલુકાની ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ પુરતો સીમિત હતો. પ્રસ્તુત અભ્યાસનો હેતુ માધ્યમિક કક્ષાના વિદ્યાર્થીઓના સંસ્કૃત વિષય પરત્વેનું મનોવલણ જાણવાનો હતો. તે હેતુથી સંશોધકે ગ્રામ્ય અને શહેરી વિસ્તારની માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં ૨૬૫ કુમાર અને ૨૭૭ કન્યાઓના સ્તરીકૃત યાદચ્છિક રીતે પસંદ કરેલ નમૂનાના પાત્રો પર પ્રસ્તુત અભ્યાસ શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫માં હાથ ધર્યો હતો. હેતુઓને અનુરૂપ માહિતી એકત્ર કરવા માટે સંશોધકે લિકર્ટ પદ્ધતીએ મનોવલણ માપદંડની રચના કરી હતી. મનોવલણ માપદંડ પર જોવા મળેલા સરેરાંશાકોનું ટી-મૂલ્ય ૧.૪૦ જોવા મળ્યું હતું. જે ૦.૦૫ કક્ષાએ સાર્થક ન હતું. આથી કહી શકાય કે કુમારો અને કન્યાઓના સંસ્કૃત વિષય પરત્વેના વલણમાં સમાનતા હતી.

**પ્રસ્તાવના**

મનુષ્ય એક સામાજિક પ્રાણી છે. તે પોતાના વિચારોનું આદાનપ્રદાન ભાષાના માધ્યમ દ્વારા કરે છે. હાલના સમાજમાં શિક્ષણકાર્ય અંતર્ગત માતૃભાષા અને પ્રાચીનભાષા સંસ્કૃતમાં શિક્ષણનો આગ્રહ ઘટતો જાય છે અને સમાજનો ઝોક અંગ્રેજીભાષા તરફ વધતો જાય છે. માતૃભાષા તેમજ સંસ્કૃતભાષા લુપ્ત થતી ભાષાની શ્રેણીમાં આવી જશે તેવો ભય સુજ્ઞજનો વ્યક્ત કરી રહ્યા છે.

આવી પરિસ્થિતિ સંદર્ભે શિક્ષણમાં ત્રીજો ધ્રુવ મનાતા વિદ્યાર્થી પ્રાચીનભાષા એટલે કે સંસ્કૃતભાષા પ્રત્યે કેવું વલણ ધરાવે છે ? તેમની માન્યતા કેવી છે ? શું છે ? તે જાણવું અતિ જરૂરી બન્યુ છે. શાળામાં સંસ્કૃતભાષાને તેનું ખોવાયેલું ગૌરવ પુનઃ પ્રાપ્ત થાય તેમજ વિદ્યાર્થીઓ તેના પ્રત્યે ધનાત્મક વલણ કેળવે તેવી જાગૃતિ ઈચ્છનીય છે. તેથી માધ્યમિક કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનું સંસ્કૃત પરત્વેનું મનોવલણ વિવિધ ચલોના સંદર્ભમાં તપાસવાના હેતુસર સંશોધક દ્વારા પ્રસ્તુત અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો.

**સમસ્યા**

પ્રસ્તુત અભ્યાસની સમસ્યા આ પ્રમાણે હતી.

માધ્યમિક કક્ષાના વિદ્યાર્થીઓનું સંસ્કૃત વિષય પરત્વેનું મનોવલણ

**અભ્યાસનો હેતુ**

૧. વિદ્યાર્થીઓના સંસ્કૃત વિષય પરત્વેના મનોવલણ પર જાતીયતાની અસર તપાસવી.
૨. વિદ્યાર્થીઓના સંસ્કૃત વિષય પરત્વેના મનોવલણ પર તેમની શાળા વિસ્તારની અસર

તપાસવી.

૩. વિદ્યાર્થીઓના સંસ્કૃત વિષય પરત્વેના મનોવલણ પર તેમના અભ્યાસના ધોરણની અસર તપાસવી.

**અભ્યાસની ઉત્કલ્પના**

૧. માધ્યમિક શાળાના કુમારો અને કન્યાઓના સંસ્કૃત વિષય પરત્વેના મનોવલણ માપદંડ પરના વલણ પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

૨. માધ્યમિક શાળાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારના સંસ્કૃત વિષય પરત્વેના મનોવલણ માપદંડ પરના વલણ પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

૩. માધ્યમિક શાળાના ધોરણ-૯ અને ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓના સંસ્કૃત વિષય પરત્વેના મનોવલણ માપદંડ પરના સરેરાશાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

**વ્યાપવિશ્વ અને નમૂનો**

પ્રસ્તુત અભ્યાસનું વ્યાપવિશ્વ ધ્રાંગધ્રા તાલુકાની માધ્યમિક શાળામાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પુરતું સીમિત હતું. ધ્રાંગધ્રા તાલુકાની છ માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫માં અભ્યાસ કરતા કુલ ૫૪૨ પાત્રોની સ્તરીકૃત યાદચ્છિક નમૂના પસંદગી પદ્ધતિ દ્વારા નમૂનામાં પસંદગી કરવામાં આવી હતી. નમૂનાના પાત્રોની સંખ્યા સારણી-૧માં દર્શાવેલ છે.

**સારણી-૧**

**નમૂનામાં સમાવિષ્ટ માધ્યમિક શાળાઓ અને તેના વિદ્યાર્થીઓની સંખ્યા**

| ક્રમ | શાળાનું નામ | જાતીયતા | | વિસ્તાર | | ધોરણ | |
|---|---|---|---|---|---|---|---|
| | | કુમાર | કન્યા | ગ્રામ્ય | શહેરી | ૯ | ૧૦ |
| ૧ | શ્રી જ્ઞાનદિપ હાઈસ્કૂલ, ગુજરવદી. | ૪૧ | ૪૭ | ૮૮ | - | ૪૫ | ૪૩ |
| ૨ | શ્રી મોટા અંકેવાળિયા માધ્યમિક શાળા. | ૪૬ | ૪૪ | ૯૦ | - | ૪૦ | ૫૦ |
| ૩ | શ્રી રાજસીતાપુર માધ્યમિક શાળા. | ૪૫ | ૪૫ | ૯૦ | - | ૪૨ | ૪૮ |
| ૪ | શ્રી ઉમાસંકુલ માધ્યમિક શાળા, ધ્રાંગધ્રા. | ૪૬ | ૪૫ | - | ૯૧ | ૪૯ | ૪૨ |
| ૫ | શ્રી સાધના વિદ્યાલય, ધ્રાંગધ્રા. | ૪૬ | ૫૩ | - | ૯૯ | ૪૯ | ૫૦ |
| ૬ | શ્રી શિશુકુંજ વિદ્યાલય, ધ્રાંગધ્રા. | ૪૧ | ૪૩ | - | ૮૪ | ૪૨ | ૪૨ |
| **કુલ** | | **૨૬૫** | **૨૭૭** | **૨૬૮** | **૨૭૪** | **૨૬૭** | **૨૭૫** |

**સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત અભ્યાસ સર્વેક્ષણ પદ્ધતિ દ્વારા હાથ ધરવામાં આવ્યો હતો.

**ઉપકરણ**

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે વિદ્યાર્થીઓના સંસ્કૃત વિષય પરત્વેના મનોવલણના માપન માટે સંસ્કૃત વિષય મનોવલણ માપદંડની સંરચના કરી હતી. સંશોધકે કુલ ૮૬ વિધાનોવાળા પ્રાથમિક સ્વરૂપના મનોવલણ માપદંડની રચના કરી હતી. તજજ્ઞોના અભિપ્રાયને આધારે દ્વિતીય સ્વરૂપના મનોવલણ માપદંડની રચના કરી હતી. આ માપદંડમાં કુલ ૪૯ વિધાનોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. દ્વિતીય સ્વરૂપના મનોવલણ માપદંડનું પૂર્વેક્ષણ ધોરણ-૯ અને ૧૦માં અભ્યાસ કરતા ૪૫ પાત્રો પર કરવામાં આવ્યું હતું. પૂર્વેક્ષણ બાદ વિધાનોનું અંકશાસ્ત્રીય પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. આંકડાશાસ્ત્રીય પિયર્સન પદ્ધતિથી વિધાનના ગુણ તથા કુલ ગુણ વચ્ચેનો સહસંબંધાંક શોધવામાં આવ્યો હતો. જે વિધાનો ૦.૦૧ અને ૦.૦૫ કક્ષાએ સાર્થકતા ધરાવતા હોય તેવા વિધાનોને અંતિમ સ્વરૂપના મનોવલણ માપદંડમાં સમાવિષ્ટ કરવામાં આવ્યા હતા. અંતિમ સ્વરૂપના વલણ માપદંડમાં કુલ ૨૩ વિધાનો પસંદ કરવામાં આવ્યા હતા. જેમાં ૧૫ વિધાનો હકારાત્મક તેમજ ૮ વિધાનો નકારાત્મક હતા. આ મનોવલણ માપદંડ પંચબિંદુ આધારિત હતો. આ પંચબિંદુ 'સંપૂર્ણ સહમત', 'સહમત', 'તટસ્થ', 'અસહમત' અને 'સંપૂર્ણ અસહમત' જેવા વિકલ્પો ધરાવતો હતો. વિદ્યાર્થીઓએ '√' નિશાની કરી પ્રતિચાર આપવાનો હતો. હકારાત્મક વિધાનો માટે ગુણાંકન ૫, ૪, ૩, ૨ અને ૧ જેમ કરવામાં આવ્યું હતું. જ્યારે નકારાત્મક વિધાનો માટે ૧, ૨, ૩, ૪ અને ૫ એમ ગુણાંકન કરવામાં આવ્યું હતું. અંતિમ સ્વરૂપના મનોવલણ માપદંડની વિશ્વસનીયતા કસોટી પુન:કસોટી દ્વારા શોધવામાં આવી હતી. જેનું મૂલ્ય ૦.૯૯૫ જોવા મળ્યું હતું અને દેખીતી પ્રમાણભૂતતા શોધવામાં આવી હતી. સંસ્કૃત વિષય મનોવલણ માપદંડ પર વિદ્યાર્થીઓના કાચા પ્રાપ્તાંકો મેળવવામાં આવ્યા હતા. તેમજ તેની સરાસરી, પ્રમાણ વિચલન અને ટી-મુલ્ય શોધવામાં આવ્યું હતું.

**પૃથક્કરણ**

પ્રસ્તુત અભ્યાસની ઉત્કલ્પનાઓ આ પ્રમાણે હતી.

**ઉત્કલ્પના-૧**

માધ્યમિક શાળાના કુમારો અને કન્યાઓના સંસ્કૃત વિષય પરત્વેના મનોવલણ માપદંડ પરના વલણ પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

આ ઉત્કલ્પનાની ચકાસણી કરતા મળેલ પરિણામો સારણી-૧ મુજબ જોવા મળ્યા

**સારણી-૧**

**સંસ્કૃત વિષય પરત્વેના મનોવલણ પર જાતીયતાની અસર**

| જાતીયતા | સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન | ટી-મૂલ્ય |
|---|---|---|---|---|
| કુમારો | ૨૬૫ | ૮૦.૯૮ | ૭.૪૭ | ૧.૪૦ |
| કન્યાઓ | ૨૭૭ | ૮૧.૮૮ | ૭.૪૦ | |

૦.૦૫ કક્ષાએ સાર્થક નથી.

ઉપરોક્ત સારણી-૧નો અભ્યાસ કરતાં જણાય છે કે કુમારો અને કન્યાઓની સંખ્યા અનુક્રમે ૨૬૫ અને ૨૭૭ હતી. તેમની સરાસરી અને પ્રમાણ વિચલન અનુક્રમે ૮૦.૯૮ અને ૮૧.૮૮ તેમજ ૭.૪૭ અને ૭.૪૦ જોવા મળ્યા હતા. કુમારો અને કન્યાઓની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા માટેનું ટી-મૂલ્ય ૧.૪૦ હતું. જે ૦.૦૫ કક્ષાએ સાર્થક જોવા મળ્યું ન હતું. તેથી શૂન્ય ઉત્કલ્પનાનો સ્વીકાર થાય છે. માટે કહી શકાય કે માધ્યમિક શાળાના કુમારો અને કન્યાઓના સંસ્કૃત વિષય પરત્વેના મનોવલણ માપદંડ પરના વલણાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.

**ઉત્કલ્પના-૨** માધ્યમિક શાળાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારના સંસ્કૃત વિષય પરત્વેના મનોવલણ માપદંડ પરના વલણ પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

આ ઉત્કલ્પના ની ચકાસણી કરતાં મળેલ પરિણામો સારણી-૨ મુજબ જોવા મળ્યા હતા.

**સારણી-૨**

**સંસ્કૃત વિષય પરત્વેના મનોવલણ પર વિસ્તારની અસર**

| વિસ્તાર | સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન | ટી-મૂલ્ય |
|---|---|---|---|---|
| ગ્રામ્ય | ૨૬૮ | ૭૯.૯૬ | ૭.૮૦ | ૪.૬૬ |
| શહેરી | ૨૭૪ | ૮૨.૮૯ | ૬.૭૯ | |

૦.૦૧ કક્ષાએ સાર્થક

ઉપરોક્ત સારણી-૨નો અભ્યાસ કરતા જણાય છે કે ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓની સંખ્યા અનુક્રમે ૨૬૮ અને ૨૭૪ હતી. તેમની સરાસરી અનુક્રમે ૭૯.૯૬ અને ૮૨.૮૯ જોવા મળી હતી અને પ્રમાણ વિચલન ૭.૮૦ અને ૬.૭૯ જોવા મળ્યું હતું. ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓની સરાસરી વચ્ચેના તફાવતની સાર્થકતા માટેનું ટી-મૂલ્ય ૪.૬૬ જોવા મળ્યું હતું. જે ૦.૦૧ કક્ષાએ સાર્થક હતું. આથી શૂન્ય ઉત્કલ્પનાનો સ્વીકાર થયો ન હતો. આથી કહી શકાય કે માધ્યમિક કક્ષાએ ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓની તુલનાએ શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓનો સરાસરી વલણાંક ઊંચો મળ્યો હતો.

**ઉત્કલ્પના-૩**

માધ્યમિક શાળાના ધોરણ-૯ અને ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓના સંસ્કૃત વિષય પરત્વેના મનોવલણ માપદંડ પરના સરેરાશાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

આ ઉત્કલ્પનાની ચકાસણી કરતાં મળેલ પરિણામો સારણી-૩ મુજબ જોવા મળ્યા હતા.

**સારણી-૩**

**સંસ્કૃત વિષય પરત્વેના મનોવલણ પર ધોરણની અસર**

| ધોરણ | સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન | ટી-મૂલ્ય |
|---|---|---|---|---|
| ૯ | ૨૬૭ | ૮૧.૦૩ | ૭.૫૫ | ૧.૨૬ |
| ૧૦ | ૨૭૫ | ૮૧.૮૪ | ૭.૩૪ | |

૦.૦૫ કક્ષાએ સાર્થક નથી.

ઉપરોક્ત સારણી-૩નો અભ્યાસ કરતા જણાય છે કે ધોરણ-૯ અને ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓની સંખ્યા અનુક્રમે ૨૬૭ અને ૨૭૫ હતી. તેમની સરાસરી ૮૧.૦૩ અને ૮૧.૮૪ જોવા મળી હતી. પ્રમાણ વિચલન અનુક્રમે ૭.૫૫ અને ૭.૩૪ જોવા મળ્યું હતું. માધ્યમિક કક્ષાના ધોરણ-૯ અને ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા માટેનું ટી-મૂલ્ય ૧.૨૬ હતું. જે ૦.૦૫ કક્ષાએ સાર્થક નથી. તેથી શૂન્ય ઉત્કલ્પનાનો સ્વીકાર થાય છે. માટે કહી શકાય કે માધ્યમિક શાળાના ધોરણ-૯ અને ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓના સંસ્કૃત વિષય પરત્વેના મનોવલણ માપદંડ પરના સરેરાશાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.

**તારણ**

પ્રસ્તુત અભ્યાસ સંદર્ભે સંશોધકને આ પ્રમાણે તારણો મળ્યા હતા.

માધ્યમિક કક્ષાના કુમારો અને કન્યાઓનું સંસ્કૃત વિષય પરત્વેનું મનોવલણ લગભગ સમાન હતું. તેવી જ રીતે માધ્યમિક કક્ષાના ધોરણ-૯ અને ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓનું સંસ્કૃત વિષય પરત્વેનું મનોવલણ લગભગ સમાન જોવા મળ્યું હતું. પરંતુ વિસ્તારની દષ્ટિએ જોઈએ તો ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ કરતાં શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓનું સંસ્કૃત વિષય પરત્વેનું મનોવલણ ઊંચુ હતું.

**સંદર્ભ**

ઉચાટ, ડી. એ. (૨૦૦૫). સંશોધન દર્શન, રાજકોટ : પારસ પ્રકાશન.
શાહ, ગુણવંત (૧૯૯૯). શૈક્ષણિક મનોવિજ્ઞાન, યુનિવર્સિટી, ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.
રાવલ, એન. વી. (૨૦૦૮). સંસ્કૃત અભિનવ અધ્યાપન, નીરવ પ્રકાશન, અમદાવાદ.